# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨ તા.૧૩-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮ પ્રથમ સત્રાંત પરીક્ષા બાબત.
સંદર્ભ :- જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૪/૧૯૭૧૫-૮૬૮, તા. ૦૯-૦૯- ૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્યશિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મુલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષાનું તા. ૧૭-૧૦-૨૦૨૪ થી ૨૫-૧૦-૨૦૨૪ દરમિયાન યોજવા બાબતેનું સમયપત્રક તેમજ જરૂરી સૂચનાઓ આ સાથે સામેલ પત્રમાં દર્શાવ્યા મુજબ છે. તો ચોકસાઈપૂર્વક અભ્યાસ કરી સામેલ સમયપત્રક તથા સુચનાઓ મુજબ પ્રથમ સત્રાંત પરીક્ષાનું સુચારુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- સંદર્ભિત પત્ર

તા.૧૩-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

19715-868

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/ 2024/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 09/ 09/ 2024

10 9 SEP 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮ પ્રથમ સત્રાંત પરીક્ષા બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણવિભાગના સુધારા ઠરાવક્રમાંકઃ બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૦૯/૦૯/૨૦૨૨

(૨) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/ સીએન્ડઈ/ ૨૦૨૪/૧૬૫૧૧-૨૪ ૦૩/૦૮/૨૦૨૪

(3) તા.૦૯/૦૯/૨૦૨૪ની શાખાનોંધ પર માન.નિયામકશ્રીના આદેશાનુસાર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા તા.૧૭/૧૦/૨૦૨૪ થી ૨૫/૧૦/૨૦૨૪ દરમિયાન યોજવાની રહેશે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રક આ સાથે (પરિશિષ્ટ- અ) સામેલ છે. સદર પરીક્ષા માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે અને તે મુજબ સંબંધિત જિલ્લા/કોર્પોરેશન/નગરપાલિકા શિક્ષણ સમિતિઓ દ્વારા કામગીરી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

1) ધોરણ ૩ થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવેલ છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટીપત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને સોંપવામાં આવશે.
2) સદર કસોટીમાં ધોરણ ૩ થી ૮ના વિવિધ વિષયોમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમની માસવાર ફાળવણી અનુસાર પ્રથમસત્રનો જૂન થી ઓક્ટોબર માસ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.
3) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટીપત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા (પરિરૂપ) મુજબ

શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે તેમજ સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખા (પરિરૂપ)ના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે.

4) સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે.
5) ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે.
6) સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીને નિયત કરેલ રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે.
7) જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.
8) પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલ હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે.
9) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા તૈયાર કરવામાં આવેલ કસોટીપત્રોના છાપકામ, પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રહેશે.
10) ધોરણ 3 અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ અલગ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાના રહેશે.
11) ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫થી પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ધોરણ-3 અને ધોરણ-૪ માં અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવશે. તેનું મૂલ્યાંકન માળખુ અન્ય વિષયની જેમ વાર્ષિક ૨૦૦ ગુણનું રહેશે જેના આધારે પત્રક-A, પત્રક-C (પરિણામપત્રક), પત્રક – F (પ્રોગ્રેસકાર્ડ ) અને પત્રક- E (સંગૃહિત વિકાસ પત્રક) માં મૂલ્યાંકનમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.
12) સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયમાં નક્શાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.
13) સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે-તે શાળા કક્ષાએ જ કરાવવાની રહેશે.
14) કસોટીના પરિણામની ઓનલાઈન ડેટાએન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર મારફતે અલગથી આપવામાં આવશે. તે અનુસાર સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

15) સદર પરીક્ષાના સુચારુ અમલીકરણ માટે પરીક્ષા દરમિયાન મોનીટરીંગ સ્ટાફ( CRC-BRC કો-ઓર્ડિનેટર, BRP, કેળવણી નિરીક્ષક, TPEO, SSA જિલ્લા કો-ઓર્ડિનેટર, DIET લેક્ચરર વગેરે) દ્વારા સઘન મોનીટરીંગ કરાવવાનું રહેશે.

16) પરીક્ષા અંગેની વખતોવખતની સૂચનાઓને ધ્યાને લેવાની રહેશે. પરીક્ષા અંગેની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનીયતાની ગંભીર તકેદારી રાખવાની રહેશે.

(એસ.જે. ડુમરાળિયા)
સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

બિડાણઃ ધોરણ ૩ થી ૮ પ્રથમસત્રાંત પરીક્ષા સમયપત્રકઃ ૨૦૨૪-૨૫

નકલ સવિનય રવાનાઃ

- અંગત સચિવશ્રી , માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

## પરિશિષ્ટ-(અ)

## પ્રથમ સત્રાંત પરીક્ષા સમયપત્રક- ૨૦૨૪-૨૫ (ધોરણ ૩ થી ૮)

| દિવસ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૭/૧૦/૨૦૨૪ | ગુરૂવાર | ૩ થી ૫ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૪૦ |
| ૧ | ૧૭/૧૦/૨૦૨૪ | ગુરૂવાર | ૬ થી ૮ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ૮૦ |
| ૨ | ૧૮/૧૦/૨૦૨૪ | શુક્રવાર | ૩ થી ૫ | અંગ્રેજી (પ્રથમભાષા/ દ્વિતીયભાષા) | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૪૦ |
| ૨ | ૧૮/૧૦/૨૦૨૪ | શુક્રવાર | ૬ થી ૮ | અંગ્રેજી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ૮૦ |
| ૩ | ૧૯/૧૦/૨૦૨૪ | શનિવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૪ | ૨૧/૧૦/૨૦૨૪ | સોમવાર | ૩ થી ૫<br>૫ | હિન્દી (પ્રથમભાષા)<br>હિન્દી (દ્વિતીયભાષા) | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૪૦ |
| ૪ | ૨૧/૧૦/૨૦૨૪ | સોમવાર | ૬ થી ૮ | હિન્દી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ૮૦ |
| ૫ | ૨૨/૧૦/૨૦૨૪ | મંગળવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૪૦ |
| ૫ | ૨૨/૧૦/૨૦૨૪ | મંગળવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ૮૦ |
| ૬ | ૨૩/૧૦/૨૦૨૪ | બુધવાર | ૩ થી ૫ | ગણિત | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૪૦ |
| ૬ | ૨૩/૧૦/૨૦૨૪ | બુધવાર | ૬ થી ૮ | ગણિત | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ૮૦ |
| ૭ | ૨૪/૧૦/૨૦૨૪ | ગુરૂવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૧૧-૦૦ થી ૧૪-૦૦ | ૮૦ |
| ૮ | ૨૫/૧૦/૨૦૨૪ | શુક્રવાર | ૩ થી ૫ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/ તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૪૦ |
| ૮ | ૨૫/૧૦/૨૦૨૪ | શુક્રવાર | ૬ થી ૮ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/ તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ૮૦ |